SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807
એકેડેમિક વિભાગ

## Guidelines for Ph.D. student, Ph.D. Guide, Chairman and Members of DRAC

૧) વિદ્યાર્થી જયારે સિનોપ્સીસ અંગેનું ચેકલિસ્ટ રજૂ કરે ત્યારે તેમના સંશોધનની સામાજીક/ઔદ્યોગિક વિગેરે ઉપયોગીતા અંગેનો ૫૦૦ શબ્દોનો અહેવાલ રજૂ કરવાનો રહેશે અને માર્ગદર્શક તથા વિભાગના વડાશ્રી દ્વારા આ અંગે ટિપ્પણી કરવાની રહેશે.

૨) માર્ગદર્શકશ્રી તરફથી Ph.D. થિસિસ ચકાસણી અંગે રજૂ કરવામાં આવતી તજજ્ઞોની પેનલમાં ફકત માન્ય યુનિવર્સિટી વિભાગોના પ્રોફેસર અને એસોસિયેટ પ્રોફેસરનો જ સમાવેશ થયેલ હોય તેની તકેદારી માર્ગદર્શકશ્રી તથા બોર્ડના ચેરમેનશ્રીએ રાખવાની રહેશે.

૩) આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પીએચ.ડી.ના વિષયોની તમામ બાબતો માટે તેની સામે દર્શાવેલ ફકત યુનિવર્સિટી વિભાગ ખાતે વિભાગીય શોધ સમિતિ રહેશે.

૪) વિભાગીય શોધ સમિતિમાં રજૂ થનાર તમામ બાબતો અંગેની વિગતવાર કાર્યનોંધ બનાવી તમામ સભ્યોની સહી થી સ્પષ્ટ ભલામણ સહિત સાથે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે તથા વિભાગમાં તેનો રેકોર્ડ જાળવવાનો રહેશે.

૫) વિભાગીય શોધ સમિતિમાં વિદ્યાર્થીની વિનંતી અંગે પ્રસ્થાપિત પીએચ.ડી.ના નિયમોનુસાર જ ભલામણ કરવાની રહેશે.

૬) ફુલટાઇમ વિદ્યાર્થીઓની યુનિવર્સિટીના નિયમોનુસાર બાયોમેટ્રીક હાજરી ફરજીયાત લેવાની રહેશે અને વિદ્યાર્થી જયારે છ માસિક પ્રોગેસ રિપોર્ટ રજૂ કરે ત્યારે તેની નકલ વિભાગીય વડાશ્રીના સહી સિક્કા તથા પ્રોગ્રસ સંતોષકારક છે કે નહીં તે બાબતની યોગ્ય નોંધ સાથે રજૂ કરવાની રહેશે. (જે વિભાગમાં બાયોમેટ્રીક હાજરીની વ્યવસ્થા નથી તેઓએ શ્રી આર. જે. રાજપરા, ફિઝિકસ વિભાગનો સંપર્ક કરી કાર્યવાહી કરવાની રહેશે.)

૭) પાર્ટ ટાઇમ વિદ્યાર્થીએ દિવાળી અને ઉનાળુ વેકેશન સહિત દરેક રજાના દિવસો તથા કામકાજના દિવસો દરમ્યાન સંશોધન કાર્ય કરવાનું રહેશે. વિભાગે તેઓની હાજરી અંગેની નોંધ રાખવાની રહેશે. અને યુનિવર્સિટીમાં જરૂર પડે રજૂ કરવાની રહેશે.

૮) વિદ્યાર્થીના કોર્ષવર્ક અંગે પણ જે તે વિભાગે નિયમોનુસાર કોર્ષવર્ક પૂર્ણ કરવાનું રહેશે તથા તેનો રેકોર્ડ વિભાગમાં જાળવવાનો રહેશે.

૯) નવા પ્રવેશ પામતાં વિદ્યાર્થીઓ અને તેઓના માર્ગદર્શકશ્રીઓ પ્રવેશ મેળવ્યા બાદ બીજા મહિને વિદ્યાર્થીઓને DRAC સભ્યો દ્વારા પ્રવર્તમાન પીએચ.ડી.ના નિયમોથી માહિતગાર કરવા ઓરીએનટેશન પ્રોગ્રામનું આયોજન કરવાનું રહેશે. સદર પ્રોગ્રામમાં વિદ્યાર્થી તથા માર્ગદર્શકશ્રીઓની હાજરી ફરજીયાત રહેશે. ઓરીએનટેશન પ્રોગ્રામનો અહેવાલ યુનિવર્સિટીમાં જમા કરાવવાનો રહેશે.

૧૦)પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ નિયમિત દર છ મહિને પ્રોગ્રેસ રીપોર્ટ સહિત ટર્મ ફી ભરે તેની તકેદારી દરેક માર્ગદર્શકશ્રી તથા વિભાગની DRAC દ્વારા લેવાની રહેશે. વિદ્યાર્થી ટર્મ ફી ભરવામાં ચુક કરેતો તેવા વિદ્યાર્થીઓની માહિતી યુનિવર્સિટીને તુરંત પુરી પાડવાની રહેશે.

નં. ડી/ઇ/૧૦/ ૩૨૭
તારીખ :૧૯/૦૪/૨૦૨૧
વલ્લભ વિદ્યાનગર

કાર્યકારી કુલસચિવ

પ્રતિ,

૧. પીએચ.ડી.નો અભ્યાસક્રમ ચલાવતા વિભાગો/કોલેજો/ઇન્સ્ટીટયૂટ તરફ તમામ માર્ગદર્શકશ્રીઓ તથા વિદ્યાર્થીઓને આ અંગે સૂચિત કરવા સારૂ.

## પરિશિષ્ટ-૧

| No. | Subject | Department for DRAC |
|---|---|---|
| 1 | Applied Chemistry | Department of Chemistry |
| 2 | Industrial Chemistry | |
| 3 | Chemistry | |
| 4 | Biochemistry | Department of Bioscience |
| 5 | Biotechnology | |
| 6 | Botany | |
| 7 | Bioinformatics | |
| 8 | Microbiology | |
| 9 | Zoology | |
| 10 | Environmental Science | |
| 11 | Genetics | |
| 12 | Renewable Energy | |
| 13 | Computer Sciecne | Department of Computer Science |
| 14 | Economics | Department of Economics |
| 15 | Education | Department of Education |
| 16 | Physical Education | |
| 17 | Electronics | Department of Electronics |
| 18 | English | Department of English |
| 19 | ELT | |
| 20 | Home Science (All Branches) | Department of Home Science |
| 21 | Gujarati | Department of Gujarati |
| 22 | Hindi | Department of Hindi |
| 23 | History | Department of History |
| 24 | Law | Department of Law |
| 25 | Library & Inf. Sci. | Department of Library & Inf. Sci. |
| 26 | Management | Department of Management |
| 27 | Mathematics | Department of Mathematics |
| 28 | Pharmaceutical Science | Department of Pharmaceutical Science |
| 29 | Pharmaceutical Chemistry | |
| 30 | Physics | Department of Physics |
| 31 | Political Science | Department of Political Science |
| 32 | Psychology | Department of Psychology |
| 33 | Sanskrit | Department of Sanskrit |
| 34 | Social Work | Department of Social Work |
| 35 | Sociology | Department of Sociology |
| 36 | Statistics | Department of Statistics |
| 37 | Medical Biochemistry | Post Graduate Department of Applied and Interdisciplinary Sciences (IICISST), Vallabh Vidyanagar |
| 38 | Medical Biotechnology | |
| 39 | Medical Imaging Technology | |
| 40 | Medical Lab. Technology | |
| 41 | Medical Microbiology | |
| 42 | Medical Pharmacology | |
| 43 | Medical Physicology | |
| 44 | Medical Technology | |
| 45 | Medicine | |
| 46 | Physiotheraphy | |
| 47 | Forensic Science | |